ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૪૮ | ૧૮ નવેમ્બર, ૨૦૧૨, રવિવાર; કારતક સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો માટે ત્રણે પક્ષોમાં દાવેદારોની દોડાદોડ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટેના ચૂંટણી જંગનું જાહેરનામુ પ્રસિધ્ધ થવાની આડે હવે એક સપ્તાહનો સમય બાકી હોવાથી ટિકિટવાંચ્છુઓ દ્વારા ટિકિટ મેળવવા માટેનાં લૉબિંગનો ધમધમાટ સ્થાનિક આગેવાનોમાં વધી જવા પામ્યો છે.

ભાજપ-કોંગ્રેસ બને પરિવર્તન પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગી માટે પેનલો તૈયાર કરી દીધી છે. ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) બે નવી બેઠકો બની છે તો એ વિધાનસભાના મતવિસ્તારના ભૌગોલિક સીમાંકનમાં ફેરફાર થવાના પગલે રાજકીય સમીકરણોમાં આવેલા બદલાવને લઇ ઉમેદવારોની પસંદગીના મુદ્દે રાજકીય પક્ષોનાં આગેવાનો હજુય તેમનું મન સ્થાનિક નેતાઓને કળવા દેતા નથી.

ત્રણેય પક્ષો દ્વારા ૨૨મી પછી ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો માટેના ઉમેદવારની પસંદગી હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યાં છે.

ટિકિટ વાંચ્છુઓ પણ સમર્થકો સાથે તેમની બેઠકોનો દોર ચાલુ રાખી વાતાવરણનો ગરમાવો રાખી રહ્યા છે.

ગાંધીનગર (ઉ)ની બેઠક માટે શહેરી વિકાસ મંત્રી શ્રી નીતિન પટેલની એક તબક્કે પસંદગી નિશ્ચિત મનાતી હતી પરંતુ આ પછી તેમને મહેસાણા માટે લીલીઝંડી પક્ષ તરફથી મળતાં તેમને ત્યાંની તૈયારીઓ આરંભી દીધી છે. હવે ગાંધીનગર (ઉ)ની બેઠક માટે ભાજપમાંથી સ્થાનિકની પસંદગી થશે કે બહારથી ઉમેદવાર આવશે તે વાતને લઇ કાર્યકરોમાં ભારે ચર્ચાઓ ચાલી રહી છે.

ભાજપના કાર્યકરોમાં એવી પણ વાત ચાલી રહી છે કે આ નવી બેઠક પર મહિલા ઉમેદવારની પસંદગી થાય તો પણ નવાઇ નહિ. જો કે હાલ જે નામો ચર્ચામાં છે તેમાં વાડીલાલ પટેલ, શ્રી મનુભાઇ પટેલ, શ્રી નીતિન પટેલ, શ્રી અશોક પટેલ, શ્રી પ્રકાશ પટેલના નામો મોખરે છે તો બીજી તરફ ગાંધીનગર (દ) માટે શ્રી શંભુજી ઠાકોર, શ્રી કોદરભાઇ પટેલ, શ્રી અશોક વકીલના નામો ચર્ચામાં છે.

દહેગામ બેઠક માટે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણનું નામ મોખરે છે. જો કે આ બાદ શ્રી સુમેરૂ અમીન શ્રી કલ્યાણસિંહનું નામ આવે છે.

કલોલ બેઠક માટે શ્રી પ્રહલાભાઇ પટેલ, શ્રી બળદેવજી અંબારામ ઠાકોર, શ્રી જયંતિલાલ પટેલ અને શ્રી નવિન પટેલ (બાપુ) તથા ડૉ. અતુલ પટેલના નામો ચર્ચામાં છે.

માણસા બેઠક માટે શ્રી ડી.ડી. પટેલ, શ્રી જે.એલ. પટેલ, શંકુતલાબેન પટેલના નામો ચર્ચામાં છે.

સામે પક્ષે કોંગ્રેસમાં ગાંધીનગર (ઉ) માટે શ્રી નિશીથ વ્યાસ, શ્રી ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, શ્રી નરેન્દ્ર શાહ, હીરલબા વાઘેલા નામોની પેનલ ચર્ચામાં છે. ગાંધીનગર (દ) માટેથી હિમાંશુ પટેલ, શ્રી લાલભાઇ પટેલ, શ્રી સેંધાજી ઠાકોર અને શ્રી જુગાજી ઠાકોરના નામોની પેનલ ચર્ચામાં છે.

દહેગામ માટે કામિનીબેન રાઠોડ, શ્રી પી.એલ. ચાવડા, શ્રી મોતીસિંહ ઝાલાના નામો પેનલમાં છે પણ આ બેઠક પર શ્રી શંકરસિંહ વાઘેલાનું નામ નિશ્ચિત મનાઇ રહ્યું છે.

માણસા બેઠક માટે શ્રી સુરેશ પટેલ, શ્રી ઇશ્વરસિંહ ચાવડા, શ્રી હરિભાઇ ચૌધરી અને શ્રી બાબુભાઇ ઠાકોરના નામોની પેનલ બની છે. કલોલ બેઠક માટે પણ શ્રી સુરેશ પટેલ, શ્રી બળદેવજી ઠાકોરના નામો ચર્ચામાં છે.

પરિવર્તન પાર્ટીમાં પણ ૧૫થી વધુ ઉમેદવારોએ ટિકીટ મેળવવા માટેના દાવા રજૂ કર્યા છે. જો કે ગાંધીનગર (ઉ), ગાંધીનગર (દ) અને માણસા તેમજ કલોલ એમ ચાર બેઠકો પર ઉમેદવાર પાર્ટી દ્વારા મુકવામાં આવશે તેવા નિર્દેશો મળી રહ્યાં છે.

આ ત્રણેય પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રથમ તબક્કાના ફોર્મ ભરવાની પ્રક્રિયા સંપન્ન થયા બાદ જ બીજા તબક્કાની પસંદગી માટેની કામગીરી હાથ પર લેવાશે. અર્થાત્ આગામી સપ્તાહમાં રાજકીય પરિસ્થિતિ સ્પષ્ટ બને તેવી શક્યતાઓ છે.

જ્યારે પરિવર્તન પાર્ટીમાં પણ બેઠક દીઠ ચારથી પાંચ દાવેદારો લાઈનમાં છે. ગાંધીનગરની બંને બેઠકો પર સર્વશ્રી સુનિલ ત્રિવેદી, એમ. આર. પટેલ, અજીતસિંહ ગોહિલ, કનુભાઈ મરઘાભાઈ પટેલ, મફતભાઈ પટેલ સહિતના આગેવાનોએ દાવેદારી નોંધાવી છે. આ ઉપરાંત ભાજપની ટિકિટ મેળવવામાં સફળતા ના મળે તો એકાદ - બે આગેવાનો પરિવર્તન પાર્ટીમાંથી લડવા માટે તત્પર હોવાનું જાણવા મળે છે. હજુ એક અઠવાડિયું દાવેદારોની દોડધામ ચાલુ રહેશે. અને તમામ સંભવિત ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી પોતપોતાની વગ વાપરી રહ્યા છે.

નવા સિમાંકનમાં ગાંધીનગર જિલ્લાની ચારમાંથી પાંચ બેઠકો થતાં રાજકીય સમીકરણો પણ બદલાઈ જશે. ગાંધીનગર (ઉત્તર)માં ગાંધીનગર શહેરનું મહત્વ વધી જશે. જ્યારે ગાંધીનગર (દક્ષિણ)માં ઠાકોર મતદારોનું મહત્વ વધુ છે. દહેગામ અને કલોલ બંને બેઠકો પર ઠાકોર મતદારોનું પ્રભુત્વ યથાવત છે. જ્યારે માણસાની બેઠક પર પટેલ મતદારોનો પ્રભાવ વધુ રહેશે. ગાંધીનગર (ઉત્તર)ની બેઠક બ્રાહ્મણ મતદારો મહત્તમ સંખ્યા ધરાવે છે અને પ્રથમ વખત તમામ પક્ષોએ બ્રાહ્મણ ઉમેદવાર માટે વિચાર કર્યો છે. જ્યારે બબ્બે બેઠકો પર ઠાકોર અને પટેલ ઉમેદવારોને પસંદ કરાય એવું રાજકીય બજારમાં ચર્ચાય છે. આજકાલ ચોરે અને ચૌટે કોણ-કોની સામે લડશે અને કોણ કોની સામે જીતી શકશે એની ચર્ચાઓએ વિશેષ જોર પકડ્યું છે.

દહેગામ બેઠક માટે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અને ગાંધીનગર (ઉત્તર) બેઠક માટે નિશીત વ્યાસની પસંદગી નિશ્ચિત મનાય છે : ભાજપમાં ગાંધીનગર (દક્ષિણ) બેઠક માટે શંભુજી ઠાકોર અને દહેગામ માટે જયસિંહ ચૌહાણની પસંદગી નિશ્ચિત મનાય છે : માણસા, કલોલ અને ગાંધીનગર (દક્ષિણ) માટે કોંગ્રેસમાં તીવ્ર સ્પર્ધા જ્યારે ગાંધીનગર (ઉત્તર), કલોલ અને માણસા માટે ભાજપમાં એડીચોટીનું જોર લગાવતા દાવેદારો

શહેરમાંથી ડેન્ગ્યુના બે શંકાસ્પદ દર્દી મળી આવ્યા !

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેરમાંથી ડેન્ગ્યુના બે અને દહેગામમાંથી ડેન્ગ્યુનો વધુ એક શંકાસ્પદ કેસ મળી આવ્યો છે.

ગાંધીનગર શહેરમાંથી મળેલા બે કેસોમાં એક કેસ સે. ૨૭માંથી મળ્યો છે. તો બીજો કેસ જી.ઈ.બી.ની ઝુંપડપટ્ટી વિસ્તારમાંથી મળી આવ્યો

● અનુસંધાન પાન-૫ પર

સાત્વિક ઉજાસ માટે શુભકામનાઓ

'ગાંધીનગર સમાચાર'ના તંત્રીશ્રી અને સર્વે સહકર્મીઓને નૂતન વર્ષના અભિનંદન. અખબારી ધર્મની આપની મશાલ વધુને વધુ પ્રજ્જ્વલિત થતી રહે અને સમાજમાં સાત્વિક ઉજાસ પાથરતી રહે એવી શુભેચ્છા.

- પ્રા. ડો. રશ્મિકાન્ત મહેતા

પ્રેરણા વિદ્યાલય

સેક્ટર-૫, ગાંધીનગર

શાળા પરિવાર તરફથી ગાંધીનગરના સર્વે નગરજનોને દિપાવલી તેમજ નવા વર્ષની શુભેચ્છાઓ નૂતન વર્ષાભિનંદન

પ્રદીપસિંહ બિહોલા
મેનેજીંગ ટ્રસ્ટી

નરેશભાઈ શાહ
ટ્રસ્ટી

સ્વાતિબા રાઓલ
આચાર્યા

તથા સમગ્ર શાળા પરિવાર

બંગલો વેચવાનો છે

ટાઈટલ ક્લીયર

સરગાસણ ચોકડી (હડમતીયા) શ્રી રંગ પાર્ક સોસાયટી નં. ૧૬૪ ગેટ કોર્નર, 3 BHK, બે માળ પ્લોટ એરીયા (૧૯૦ વાર)

સંપર્ક :
મો. ૯૦૩૩૯૯૪૭૮૮
મો. ૯૯૨૪૬૭૮૭૪૨